કારતક—સુદ ૧૨ ને માગસર સુદ ૧૦ ને પોસસુદી ૫ એ ત્રણે-માં કોઇ દીવસ રવીવાર હોય તે દીવસ તથા માહ શુદ ૭ ના દી-વસ ગાજે તો ચોમાસાના ચાર માસ સારો વરસાદ થાય.

સુદ ૧૩ ને મંગળવાર હોય તો—રાતી વસ્તુ મોંઘી થાય.

સુદ ૧૫ ને કૃતીકા ને પોસ વદ ૦)) ને મુળ તથા વઇશાક સુદ ૩ ને રોહણી નક્ષેત્ર ન હોય તો મહા માસમાં રોગનો ઉપદ્રવ થાય.

સુદ ૧૫ નીરમળી ભલી, વાદળા થાય તો ઘી તથા ધાન્યનો સંગ્રહ કરવો, તો પાંચમે માસ લાભ આપે. કૃતીકા નક્ષેત્ર હોયને વાદળા વીજળી થાય તો વરસાદ સારો થાય. પુનેમના કરતાં કૃતીકા નક્ષેત્ર જેટલી વધારે ઘડી હોય તેટલો વધારે વરસાદ થાય. ભરણી નક્ષેત્ર બે પહોર હોય તો રૂઉ તથા કપાસ સોંઘા. સંપૂર્ણ હોય તો ચાર માસ દુર્ભીક્ષ અશ્વની નક્ષેત્ર હોય તો ચારે માસ સારૂ. રોહણી નક્ષેત્ર હોય તો પીડાકારી. સંપૂર્ણ હોય તો વરસ સારૂ.

વદ ૦)) રવી—સની—મંગળવારી હોય ને—સ્વાત્રી નક્ષેત્ર હોય તો નાસા નાસ થાય.

વદ ૦)) તથા પોસ વદ ૦)) રવિવારી હોય તો—ધાનના ઘણા ભાવ વધે.

માગસર માસ.

જેષ્ટાને મુળ નક્ષેત્ર તપે તો—અનાજ ઘણું નીપજે.

સુદ ૧ ને બુધવાર હોય તો—ધોળી વસ્તુ મોંઘી થાય.

સુદ ૭ ને ગુરૂવારી હોય તો—ધોળી વસ્તુ સોંઘી થાય.

સુદી ૬ રવીવારી—માગસર માસથી ચઇતર માસ સુધીમાં-આવે તો-દુકાળ અથવા-રાજાઓના છત્ર ભંગ થાય.

સુદ ૭ ગાજે તો—તે વરસમાં વરસાદ સારો થાય.

સુદ ૮ ના રોજ—વાદળાની ઘટાને વીજળી થાય તો, શ્રાવણ માસમાં સારો વરસાદ થાય.

સુદ ૯-૧૦-૧૧-જો સ્વાતી નક્ષેત્ર સહીત હોય તો—ધાન્યનો નાસ કરનારી ને કષ્ટ ઉપજાવનારી જાણવી.

સુદ ૧૦ ગાજે તો—તે વરસમાં વરસાદ સારો થાય.

સુદ ૧૫ નીરમળી ભલી, વાદળા હોય તો—ધાનનો સંગ્રહ કરવો, માસ પાંચમે લાભ આપે.

વદ ૮ મે વરસાદ થાય તો—શ્રાવણ વદ ૮ મે વરસાદ થાય.

વદ ૧૨-૧૩-૧૪-૦)) ના દીવસે—મઘા નક્ષેત્ર હોય ને સંધ્યા કાળે મેઘના બિંદુ પડે તો અસાડ સુદમાં વરસાદ થાય.

પોસ માસ.

સુદ ૧ ને મંગળવાર હોય તો—ધોળી વસ્તુઓ મોંઘી થાય.

સુદ ૫ ને સતતારા નક્ષેત્ર હોય તો—અને સર્વ દીશામ વાયુ હોય તો દુકાળ પડે.

સુદ ૫-૧૦-૧૫-મેં ગાજવીજ ને વાદળા થાય તો—ચોમાસામાં ઘણો વરસાદ થાય.

સુદ ૭-૮-૯ મેં ગાજે તો—અગર વરસાદ વરસે તો તે સાલ સારી નીપજે.

સુદ ૮ કે ૯ જો રેવતી નક્ષેત્ર વાળી હોય તો—ધાન્યનો સંગ્રહ કરવો નહિ, કારણ કે તે વરસમાં ધાન્યની સારી નીપજ થાય.

સુદ ૮ ને સોમવાર હોય તો—મરકી આદી રોગોની ઉત્પતી થાય.

શુદ ૧૧ શુર્યના તાપથી રહીત હોય તો—તે વરસમાં ઘાસ નહી થવાથી, પસુઓનો નાસ થાય છે.

શુદ ૧૩ શની કે મંગળવારી હોય તો—ઘીને બાધ્રમનો સંગ્રહ કરવો.

સુદ ૧૫ ને શનીવાર અને વદ ૨ને રવીવાર હોય તો—અસાડ સુદમાં વરસાદ ઘણો થાય ને સર્વ ધાન્યોની ઊપજ થાય.

સુદ ૧૫ ત્રણ ઘડી ઓછી હોય તો—વરસાદ ઊત્તમથાય.

સુદ ૧૫ ને રવીવાર હોય ને ગાજે તો—ચારે માસ વરસાદ સારો થાય.

સુદ ૧૫ ના વાદળા થાય તો—ફાગણ સુદ ૧૫ ની અંદર રૂઊમાંટકા ૨૦) ઘટે ને વાદળા ન થાય તો રૂઊના ભાવ વધે.

સુદ ૧૫ જેટલી ઘડી હોય—તેટલાં શેરનું અનાજ થાય.

સુદ ૧૫ ના વાદળા ભલા—ધુળ ઊડે કે ધુમરી, ને વરસાદ હોય તો સુગાળ, પ્રવાળા, તાંબુ, રૂપું, સોનું, કુકુંમ—સંગ્રહવું લાભકારી થાય. પુષ્ય નક્ષેત્રવાળી હોય તો અનાજનો બજાર વધે.

વદ ૪ ગુરૂવારી હોય તો—મગ, મઠ, બાજરીને અડદ સોંઘા થાય.

વદ ૭ ની રાત્રે ગર્જના થાય તો—ચારે માસ-સારો વરસાદ વરસે.

વદ ૭ મે વીજળી થાય તો—શ્રાવણ સુદ ૧૫ મેં નીશ્ચે વરસાદ થાય.

વદ ૭ ને સ્વાતી નક્ષેત્ર હોયતો—વરસાદ ઘણો ઉત્તમ થાય.

વદ ૮ ના વાદળા—હોય તો, સર્વ દેસમાં સુકાળ જાણવો.

વદ ૯-૧૧ એ બે તીથીએ પૂર્વ દીશામાં ગાજે તો—અનાજ મોંઘુ થાય.

વદ ૧૦ મે વરસાદ હોય તો—શ્રાવણ વદી ૧૦ મે વરસાદ થાય.

વદ ૧૦ મે વીજળી થાય તો—શ્રાવણ સુદ ૧૫ મેં નીશ્ચે વરસાદ થાય.

વદ ૧૩ સની-શુકર-કે મંગળવારી હોય તો—ધીઠ ને ધઉંનો સંગ્રહ કરવો.

વદ ૧૩-૧૪-જળ વીનાના ફીકાં વાદળાં થાય તો—શ્રાવણ શુદ ૧૫ કે વદ અમાસનો વરસાદ થાય.

વદ ૦)) ને રવિવાર હોય તો—અનર્થ થાય. ધાનના ઘણા ભાવ વધે.

વદ ૦)) મંગળવારી હોય તો—દુકાળ જાણવો.

વદ ૦)) નું મોહરમ પરબ આવે તો—માહ શુદ, ૧ થી અનાજના ભાવ મંદા રહે.

વદ ૦)) ને મુળ નક્ષેત્ર હોય તો—વરસાદ સારો થાય.

વદ ૦)) રવી-મંગળ કે શનીવારી હોય તો—ધાન્યના ભાવ વધે. સોમ-બુધ કે શુક્રવારી હોય તો આનંદકારી થાય.

માહમાસ.

સુચના—માહ માસના દરેક દીવસના, પહોરે પહોરના વાદળા તથા પવન જોવો.

શુદ—૧—૨--૩--૪.	**રોહણી**	**વદી—૨—૩—૪—૫**	**પુષ્ય**
શુદ—૫—૬—૭--૮	**મૃગશર**	**વદી—૬—૭--૮—૯**	**અસલેખા.**
શુદ—૯-૧૦-૧૧-૧૨	**આદ્રા**	**વદી-૧૦-૧૧-૧૨-૧૩**	**મઘા.**
શુદ-૧૩-૧૪-૧૫	**પુનર્વશુ**	**વદી-૧૪-૦))**	**પૂર્વાફાલ્ગુની**

આ ઉપર જણાવેલા આઠ નક્ષેત્રો ચોમાસાના પંદર દીવસના છે. અને તે એક નક્ષેત્રની ઊપર જણાવેલ પ્રમાણે મહા માસની તીથીઓ છે. અને તે તીથીઓમાં જે દીવસના રોજ વાદળા, પૂર્વ, પશ્ચિમ ચાલે તો તે તીથીના નક્ષેત્રમાં ચોમાસાના ચાર દીવસ વરસાદ થાય, અને જે તીથીએ, વાદળા, પૂર્વ, પશ્ચિમ-ન ચાલે તો—તે તીથીના નક્ષેત્રના ચોમાસાના ચાર દીવસ વરસાદ થાય નહી. ઊપર-નક્ષેત્રની તીથીઓના અનુક્રમે ચાર દીવસ ગણવા, ઊત્તર દક્ષીણ વાદળા ચાલે તો—અગર વાદળા ન થાય તો વરસાદ થાય નહિ.

શુદ ૧ ને બુધવાર હોય તો—કોઇ ધાનમાં રોગ થાય.

શુદ ૧ ના વાદળા થાય તો—અનાજ, તેલ, તથા તલ, દાણા મોંઘા થાય,

શુદ ૧ મેં વાયુ તથા વાદળા થાય તો—ઘી, તેલ, સર-સવ, નીશ્ચે મોંઘા થાય.

શુદ ૧ વાયુ વાળી હોય તો—વરસાદ વરસે નહિ.

શુદ ૧ મંગળવારી, ચઇતર શુદ ૧ રવીવારી, શ્રાવણ શુદ ૧ સનીવારી હોય તો—તે વરસ નીશ્ચે દુર્ભીક્ષ નીવડે. આ પ્રમાણે તીથીવાર એ આવે તો દસ આની વરસ નબળું થાય, એકજ તીથી આવે તો પાંચ આની વરસ નબળુ નીવડે.

શુદ ૨ ને દીવસે વાદળા તથા વીજળી હોય તો--ફાગણ સુદી ૨ પછી અનાજ મોંઘુ થાય.

શુદ ૩ ના વાદળા થાય તો—ગોધમ મોંઘા થાય, ધોળી વસ્તુ મોંઘી થાય.

શુદ ૩ ના દીવસે વાદળા વીજળી હોય તો—ચઇતર સુદ ૨ થી ઘઊં, જવ, અને ધોળી વસ્તુ મોંઘી થાય.

શુદ ૪ના દીવસે વાદળે વરસાદ હોય તો—વઇશાક સુદ ૨ થી પાનને નાળીએર મોંઘા થાય.

શુદ ૪ ના દીવસે વાદળા થાય તો—કાપડને નાળીએર, વઇશાક સુદ ૨ પછી મોંઘા થાય.

શુદ ૫ ના દીવસે ઊત્તરનો પવન વાય તો—ભાદરવો વરસાદ વીના જાય.

શુદ ૫ ના વાદળા થાય તો—ફાગણ માસમાં રૂઊનું મંદુ રહે, ભાદરવો કોરો જાય.

શુદ ૫ મે ઊત્તરનો પવન ઘણો વાય તો—ભાદરવામાં વરસાદ ઘણો થાય.

શુદ ૫-૬-૭ ના વાદળા થાય તો—રૂઊના ભાવ ફાગણ સુદ ૧૫ થી ઘટે ને વાદળા ન થાય તો ફાગણ વદ ૧ થી વધે.

શુદ ૬ ના દીવસે ગાજવીજ હોય તો—રૂઊ મોંઘુ થાય, વાદળા હોય તો રૂઊના ભાવ ઘટે. ને નીરમળી હોય તો રૂઊના ભાવ વધે.

શુદ ૬ ને સોમવાર હોય તો—તેલ ને ઘી મોંઘુ થાય. ને ગાજે નહી તો કપાસ મોંઘા થાય.

શુદ ૬ નીરમળી હોય તો--રૂઊ, કપાસ મોંઘા થાય ને વાદળા હોય તો રૂઊ—કપાસના ભાવ ઘટે.

શુદ ૬ ના વાદળા થાય તો—ચઇતર માસમાં રૂઊનું મંદુ રહે, આદ્રા નક્ષેત્રમાં વરસાદ થાય., વાદળાં ન હોય તો રૂઊ—કપાસ મોંઘા થાય,

શુદ ૬ શનીવારી હોય તો—અસાડ વદમાં વરસાદ થાય.

સુદ ૭ નીરમળી હોય તો—સારી નહી. વરસાદ ન થાય.

સુદ ૭ ઊજળી મેઘ કરેતો—અસાડ માસમાં મેં ઘણો થાય.

સુદ ૭ સોમવાર હોય તો—કાળ પડે તે રાજા લડે.

સુદ ૭ ના વાદળા થાય તો—વઇશાક માસમાં રૂઊનું મંદુ રહે, આસો માસમાં પણ વરસાદ થાય; ને વાદળા ન હોય તો વરસ કરવરૂ થાય.

સુદ ૮ ના રોજ સુર્ય ચંદ્ર નીર્મળ હોય તો—શ્રાવણ માસ કોરો જાય.

સુદ ૮ ને કૃતીકા નક્ષેત્ર હોય તો—શ્રાવણમાં અનાજ સોંઘુ, સુર્ય ઝાંખો રહેતો, શ્રાવણ માસ કોરો જાય. ફાગણ માસમાં રોગની ઊતપતી થાય ને કાથાવર્ણી વસ્તુ મોંઘી થાય.

સુદ ૮ સનીવારી હોય તો—ચારે માસમાં સારો વરસાદ થાય.

સુદ ૮ ગુરૂવારી હોય ને પ્રભાતમાં વરસાદ થાય તો—એક વરસ સુધી વરસાદ થાય નહી.

સુદ ૯ નીરમળીને વાદળા ન હોય તો—અસાડ કોરો જાય. ભાદરવે ઘણો વરસાદ થાય.

સુદ ૯ ના રોજ ચંદ્રમાંની પાસે વાદળા હોય તો—આસો માસ પણ કોરો જાય.

સુદ ૯ ના રોજ સુરજ કે ચંદ્રનેકુંડાળું હોય તો—તે વર્ષ ઘણું પીડાકારી.

સુદ ૯ રવીવાર હોયને પ્રભાતમાં કરાઓના ઉપદ્રવ થાય—તો ખરેખર ધાતુના મુલ્યમાં વધારો થાય. અને શની કે મંગળવારી હોય તો, ધાતુના ભાવમાં ઘણો વધારો થાય.

સુદ ૯ નીરમળી હોયને વાદળા કરે તો—ભાદરવામાં ઘણો વરસાદ થાય.

સુદ ૧૦ મંગળવારી હોય તો—ફાગણ માસમાં બાળકોને નુકસાન થાય.

સુદ ૧૨ સનીવારી હોય તો—તેલ આદિ. વસ્તુના મુલ્ય ની વૃદ્ધી થાય.

સુદ ૧૫ ના વાદળા થાય તો—દોઢ માસ સુધી રૂઉનું મંદુ રહે ને વાદળા ન થાય તો રૂઉ ત્યા કાલાનું તેજી થાય.

સુદ ૧૫ ની રાત્રે વરસાદ થાય તો—અસાડ માસના દીવસ પંદર કોરા જાય.

સુદ ૧૫ નો ચંદ્રમાં વાદળામાં ઉગે કે આથમે કે વાદળા દેખાય તો—ધાન્ય ત્યા રસકસનો સંગ્રહ કરવો તે તરત જ લાભ આપે.

સુદ ૧૫ નો ચંદ્ર ચારે પહોર નીરમળો હોય તો—ઘી, ગોળ, ચોખાને સોપારી. આઠ માસ સુધી મોંઘા રહે

સુદ ૧૫ ની રાત્રે પહેલા પહોરે વાદળા થાય તો—અસાડ કોરો, બીજા પહોરે વાદળા થાય તો શ્રાવણ. ત્રીજા પહોરે વાદળા થાય તો ભાદરવો. ચોથા પહોરે વાદળા થાય તો આસો કોરો જાય.

સુદ ૧૫ નીરંમળ ભલી—અનાજ મોંઘું થાય. ને વાદળા હોય તો. ધાન્યનો સંગ્રહ કરવો તો સાતમે માશે લાભ થાય. વરસાદ ઘણો મોડો વરસે, ને રસકસ મોંઘા થાય.

વદી ૨ મેઘને વીજળીવાળી હોય તો—ધાન્યના ઘણા ભાવ વધે.

વદી ૪ વાદળા અને જળબિંદુ વાળી હોય તો—નાળીએર ઘણાજ મોંઘા થાય.

વદી ૬ ના રોજ—છાંટા થાય અને દીસાઓ વાદળ વીનાની ને નિર્મળ હોય તો કપાસનો સંગ્રહ કરવો ઘણો લાભકારી છે.

વદ ૬ ના વાદળા થાય તો—આદ્રા નક્ષેત્ર વરશે

વદ ૭ સોમવારી હોય તો—ચોમાસામાં સારો વરસાદ થાય.

વદ ૭ મેં મેઘ વીજળી ચમકે તો—ચારે માસ સારા નીવડે

વદ ૮ ના વાદળા ન થાય તો—ફાગણ સુદ ૨ થી ફાગણ સુદ ૧૫ સુધી રૂઈમાં તેજી થાય.

વદ ૯ ના વાદળા ન થાય તો—ફાગણ વદ ૧ થી ફાગણ વદ ૦)) સુધી રૂઈમાં તેજી થાય.

વદ ૧૦ ના વાદળા ન થાય તો—ચઇતર સુદ ૧ થી ચઇતર સુદ ૧૫ સુધી રૂઈમાં તેજી થાય.

વદ ૧૧ ના વાદળા ન થાય તો—ચઈતર વદ ૧ થી ચઈતર વદ ૦)) સુધી રૂઊમાં તેજી થાય.

વદ ૧૨ ના વાદળા ન થાય તો—વઇસાક સુદ ૧ થી વઈશાક સુધી ૧૫ સુધી રૂઊમાં તેજી થાય.

વદ ૧૩ ના વાદળા ન થાય તો—વઈસાક વદ ૧ થી વઈસાક વદ ૦)) સુધી રૂઊમાં તેજી થાય.

વદ ૧૪ ના વાદળા ન થાય તો—જેઠ સુદ ૧ થી જેઠ સુદ ૧૫ સુધી રૂઊમાં તેજી થાય.

વદ ૦)) ના વાદળા ન થાય તો—જેઠ વદ ૧થી જેઠ વદ ૦)) સુધી રૂઊમા તેજી થાય.

વદ ૧૪ ને રવીવાર હોય તો મહા મારી થાય.

વદ ૧૩-૧૪-૦)) ના વાદળા થાય તો—રસકસના ભાવ વધે આ ત્રણ દીવસમાં રૂઊના ભાવ ઘટે તો રૂઊ લેવું. કારણ કે ફાગણ સુદમાં રૂઊના ભાવ વધે.

વદ૦)) ના દીવસ આઠે દીશાનો વાયુ થાય તો—અસાડ માસમાં સારો વરસાદ થાય.

વદ૦)) ના વાદળા થાય તો—ભાદરવા સુદ ૧ થી લીલા લહેર વરતાય.

ફાગણ માસ.

સુદ ૧ ને સતભીખા નક્ષેત્ર હોય તો—દુર્ભીક્ષ થાય.

સુદ ૩ ને સનીનો વક્ર હોય તો—એક માસમાં અનાજના ભાવ વધી જાય.

સુદ ૭-૮-૯ ગાજે તો—ભાદરવા વદ ૦)) ના રોજ વરસાદ વરશે

ફાગણ સુદ ૧૫ ના ચંદ્રગાંની થડમાં ચાંદરડું હોય તો—રૂઇના ભાવ વધે.

સુદ ૧૫ ના છાંટા પડે તો—શ્રાવણ સુદ ૧૫ મે વરસાદ થાય. વાયરૂ માસ અઢીનું કાઢે.

સુદ ૧૫ ની હુતાસણી રવી, સની કે મંગળવારે આવે તો—ગોધમનો સંગ્રહ કરવો અને એ પછી. ધીતે ગોધમનું આકરૂ થાય. હુતાસણી પ્રગટતી વખતે વાદળા કે છાંટા થાય તો જેઠ સુદ ૨ ની અંદર અનાજના ભાવ ઘણા વધે.

સુદ ૧૫ ને મઘા નક્ષેત્ર હોય તો—ચાર માસ સારૂ, પણ ઘી, તેલ, વીગેરે મોંઘા થાય.

સુદ ૧૫ નીરમળી ભલી—પણ તે દીવસે ચંદ્ર ગ્રહણ હોય. તારાખરે, ભૂમી કંપ થાય. ચંદ્રમાં કે સૂર્યને જગ કુંડાળું હોય. વીજળી થાય. ગાજે, ધુમ દીસે, કે વંટોલીઓ ચઢે તો સરવે ધાન મોંઘા થાય. સંગ્રહ કરવાથી પાંચમે માસે બમણો લાભ થાય.

વદી ૨ ના રોજ વાદળા કે વીજળી ન હોય તો, શ્રાવણ તથા ભાદરવામાં વરસાદ થાય.

ફાગણ સુદ ૨ નો વિચાર.

રવીવારે ચંદ્રનો ઉદય થાય તો—રાજવિગ્રહ, ઉલ્કાપાત, પવન ઘણો, ઝાડનો નાસ, પશુ ઘણા મરે, વરસાદ થોડો. ઘાસની તાણ માણસને પીડા, છત્ર ભંગ થાય.

સોમવારે ઉદય થાય તો—રસકસ મોંઘા, માણસ દુઃખી.

મંગળવારે ઉદય થાય તો—અનાજ મોઘું, અગનીનો ભય, માણસોને પીડા, ફળ ફુલ થોડા, રોગ ઘણો, સર્વ વસ્તુ મોઘી, વરસાદ થોડો.

બુધવારે ઊદય થાય તો—વેપાર ઘણો, રસકસ તથા ધાન્ય સોંઘા. પવન ૭ માસ સુધી ઘણો સર્વ વસ્તુ સોંઘી.

ગુરૂવારે ઊદય થાય તો—વરસાદ ઘણો, અનાજ મોંઘુ, માણુસ સુખી.

શુકરવારે ઊદય થાય તો—વરસ સારૂ. વરસાદ ઘણો માણુસ સુખી. શનીવારે ઊદય થાય તો—અનાજ થોડું નીપજે ને મોંઘુ વેચાય.

ફાગણુ શુદ ૫ ને ચઇતર સુદી ૩. વઇસાખ સુદ ૧ એ ત્રણ રોજ અથવા તેમાંથી એક રોજ ગાજવીજ થાય તો સવાયો લાભ થાય.

ચઇતર માસ.

સુદ ૧ ના વાદળા થાય તો—જુવાર નીપજે ને વીજળી થાય તો વરસ નઠારૂ થાય.

સુદ ૧ ની ઘડી વધે તો—ખડની છત થાય. નક્ષેત્રની ઘડી વધે તો અનાજની છત થાય. ને જો, યોગની ઘડી વધે તો રોગ વધે. સુદ ૧ ને રેવતી નક્ષેત્ર હોય તો વરસાદ ઘણો થાય.

સુદ ૧ ને સોમ, ગુરૂ, કે શુકરવારી હોય તો—વરસ સોળ આની થાય. બુધવારી હોય તો દસ આની થાય. રવીવારી હોય તો આઠ આની વરસ, મંગળવારી. ૭ આની વરસ, શનીવારી હોય તો ચાર આની વરસ થાય.

સુદ ૧ ને રેવતી નક્ષેત્ર હોય તો વરસાદ ઘણો થાય.

સુદ ૧ ને સોમ, ગુરૂ, કે શુકરવારી હોય તો વરસ સોળઆની થાય. બુધવારી હોય તો દસ આની થાય. રવીવારી હોય તો આઠ આની વરસ મંગળવારી, ૭ આની વરસ, સનીવારી હોય તો, ચાર આની વરસ થાય.

સુદ ૨ ના વાદળા થાય તો—બાજરો નીપજે.

સુદ ૨ ની સાંયકાળે શ્વેતરંગના વાદળાઓમાં ચંદ્ર અદ્રસ્ય થઇ ને જે અસ્ત થએલો માલમ પડે તો જાણવું કે તે વરસમાં રૂઇ, કપાસ આદિ કાપડ બનાવવાની વસ્તુઓના ભાવમાં ઘટારો થસે અને ચંદ્રનું બીંબ જો છેક અસ્તકાળ સુધી, પીળા રંગના વાદળાથી, ઢંકાઈ રહેતો, જાણવું કે, તે વર્ષમાં રૂઇના ભાવ ઘણા વધી જસે.

સુદ ૨ ની સંધ્યાકાળે—ચંદ્ર જો લાલ રંગવાળા વાદળાઓમાં અદ્રસ્ય થએલો માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં ગોધમની કીમત ધીરે ધીરે વૃદ્ધી પામશે.

ચંદ્રનું બીંબ જો ઝાંખા લાલ રંગનું માલમ પડે તો જાણવું કે તે વર્ષમાં પશુઓના ઉપયોગનું ઘાસ ઘણું થસે નહિ.

ચંદ્રનું બિંબ જો ગોળ કંકણુ આકારનું ગોળમાલુમ પડેતે-જાણુવું કે તે વર્ષમાં જગત પરના પ્રાણીઓ ને ઘણું કષ્ટ સહન કરવું પડતો.

ચંદ્રનું બીંબ છેક અસ્ત કાળ સુધી—પીળા રંગના વાદળાથી ઢંકાઇ રહે તો જાણવું કે તે વર્ષમાં રૂઇની કીમત ઘણી વધીજસે.

ચંદ્રના બીંબનો—ફક્ત ઉત્તર દીસા તરફનો થોડોજ ભાગ માલુમ પડેતો જાણવું કે તે વર્ષમાં મરકી આદી દુષ્ટરોગોનો ઉપદ્રવ થશે.

ચંદ્રનું બિંબ-ઉત્તર ત્થા દક્ષીણ બંને બાજુએ સરખું માલમ પડેતો જાણવું કે તે વર્ષમાં ગોળાદિક રસની વસ્તુઓની કીમત ઘણી ઘટી જસે.

ચંદ્રનું બિંબ ફકત તેના ઊંચેના ભાગમાંજ માલમ પડે તોજાણવું કે ત્યાં વરસાદથી મોટી રેલ આવીને ઘણાં પ્રાણીઓનો તેમાં નાશ થસે.

ચંદ્રના બીંબનો થોડો ભાગ જો દક્ષીણ તરફની બાજુએજ જોવામાં આવેતો જાણવું કે તે વર્ષમાં અનાજની કીંમત ઘણી વધી જસે.

ચંદ્રના બિંબનો ભાગ—ખંડીત થયેલો માલમ પડેતો તે વર્ષમાં મોટો દુકાળ પડશે અને તેથી ઘણા પ્રાણીઓ ભુખથી મૃત્યુ પામસે.

ચંદ્રનું બિંબ—જો તેજ વિનાનું પીળા રંગનું માલમ પડેતો જાણવું કે તે વર્ષમાં સ્યામ રંગવાળી વસ્તુઓની કીમતમાં ઘણો વધારો થશે.

ચંદ્રના બિંબની આસપાસ—લીલા રંગના વાદળાઓ જોવામાં આવેતો જાણવું કે તે વરસમાં લાલ રંગની વસ્તુઓની કીમતમાં ઘટાડો થશે.

ચંદ્રનું બિંબ—જો દક્ષિણ દીસા તરફ વધારે ચડતું માલમ પડેતો જાણવું કે તે વરસમાં ખજુર આદિ મિષ્ટ ફળોની કીમતમાં ઘણો ઘટાડો થશે.

ચંદ્રનું બિંબ—અત્યંત તેજસ્વી, અને ઉત્તર દીશા તરફ વધારે ચડતુ માલમ પડે તો, જાણવું કે તે વરસમાં અનાજનો ભાવ મધ્યમસર રહેશે.

ચંદ્રનું બિંબ—ઝાંખા આકાસના રંગ સરખું માલમ પડે તો જાણવું કે, હીમથી પાકનો વિનાસ થશે.

ચંદ્રનું બિંબ—જો સ્યામ રંગના વાદળાઓથી ઢંકાઇ રહેલું હોય, અને છેક અસ્ત સમયેજ જો દીઠામાં આવે તો જાણવું કે તે વરસમાં ઘી આદિક વસ્તુઓની કીમત ઘણી વૃદ્ધી પામશે. પ્રથમ ઢંકાએલો અને પાછળથી અસ્ત સમયે સ્યામ રંગના વાદળાથી ઢંકા-

ચેલો માલુમ પડે તો ઘી તથા રસની ચીજોની કીમતમાં વૃદ્ધી થશે.

સંધ્યાકાળે સૂર્ય અસ્ત થયા પછી—એક ઘટીકા ગયાબાદ જો ચંદ્રનું બિંબ નિર્મળ આકાશ છતાં દ્રષ્ટીએ ન પડે તો જાણવું કે તે વરસમાં શ્વેત વસ્તુઓની કીમતમાં ઘણો વધારો થશે.

ચંદ્રનું બિંબ જો ત્રણ જગ્યાએથી ખંડીત થએલું માલમ પડે તો જાણવું કે, તેજ માસને છેડે જરૂર સુવર્ણ આદિક ધાતુઓની કીમતમાં ઘણો ઘટાડો થશે.

ચંદ્રનું બિંબ જો શ્વેત રંગના વીખરાઈ ગયેલા વાદળાઓથી ઝાંખુ ઝાંખુ માલમ પડે તો જાણવું કે તે વરસમાં તેલની વસ્તુઓની કીમત ઘણી વધશે.

ચંદ્રના બિંબ તરફ કુતરાઓ ભસ્તા માલમ પડે તો શ્વેત રત્નોની કીમતમાં ઘણો વધારો થશે.

ચંદ્રના બિંબ તરફ જોતાં આંખમાંથી અશ્રુઓ આવે તો જાણવું કે તે વરસમાં પક્ષીઓથી અનાજના પાકને મોટું નુકશાન થશે.

શુદ ૩ ના વાદળાં થાય તો—તલ નીપજે.

શુદ ૫ નીરમળી હોય તો—સુગાળ ને રોહણી નક્ષેત્ર વરસે તો અશાડ કોરો.

શુદ ૫ ના વાદળા, વીજળી ને ગાજે તો—અશાડ કોરો તથા ચારે દીસાના વાયુ વાયતો ગોધમનો સંગ્રહ કરવો, શ્રાવણ માસમાં બમણો લાભ થાય.

શુદ ૭ ને આદ્રા નક્ષેત્ર વરસે તો—શ્રાવણ કોરો જાય.

શુદ ૭ ને પુષ્પ નક્ષેત્ર વરસેતો—ભાદરવો કોરો જાય.

શુદ ૭ ને વાદળા વીજળી ને ગાજે તો— શ્રાવણ કોરો જાય.

શુદ ૭ ને આદ્રા નક્ષેત્ર હોય તો—શ્રાવણ વરસે.

શુદ ૭ ને વાદળા વીજળીને ગાજે તો ભાદરવો કોરો જાય.

શુદ ૭ ને પુનર્વસું નક્ષેત્ર હોય તો—ભાદરવો વરસે.

શુદ ૧૫ ને વાદળ વીજળી ને ગાજે તો—આસો કોરો જાય.

શુદ ૧૫ ને રેવતી નક્ષેત્ર હોય તો અસાડ વરસે.

શુદ ૧૫ ને ચીત્રા નક્ષેત્ર હોય તો—આસો વરસે, ન વરસે તે આસો કોરો જાય.

શુદ ૧૫ મેં સૂર્ય ચંદ્રની નજર એક થાય તો કાળનો જન્મ થયો જાણવો.

શુદ ૧૫ સોમ બુધ કે ગુરૂવારી હોય તો—ચોમાસામાં સારો વરસાદ થાય.

શુદ ૧૫ નીરમળી ભલી—પણઃ તે દીવસે ચંદ્ર ગ્રહણ હોય, તારાખરે, ભૂમી કંપ થાય, ચંદ્રમાં કે સૂર્યને જળ કુડાળુ હોય, વીજળી હોય, ગાજે, ધ્રુમદિસે કે વરોળીઓ ચઢેતો સરવે ધાન મોંઘા થાય સંગ્રહ કરવાથી પાંચમે માસે બમણો લાભ થાય.

વદ ૧ થી વઇસાક શુદ ૧૫ સુધી—જે ચીજનો ભાવ મોંઘો હોય તે મોંઘો રહે અને મંદો હોય તે મંદો રહે.

વદ ૮ ને ૧૪ એ બે રોજ—વાદળા ગાજવીજ કે વરસાદ થાય તો આવતું વરસ નબળુ હોય. ને એક રોજ થાય તો વરસ સાધારણ થાય. પણ જો તે દીવસ આકાશમાં તારા દેખાય તો આવતું વરસ સારૂં આવશે.

વદ ૦)) જેટલી ઘડી હોય—તેટલા શેરનું અનાજ આવતા કારતક માસમાં વેચાય.

વદ ૦)) નો સુર્ય જે ઠેકાણે આથમે-ત્યાં વઇસાક સુદ બીજનો ચંદ્રમાં આથમે તો વરસ સાધારણ, ને સુર્ય કરતાં ચંદ્ર ઊત્તર તરફ આથમે તો વરસ સારૂ, ને સુર્યથી ચંદ્ર દક્ષીણ તરપ આથમે તો વરસ નઠારૂ થાય.

વઈસાક માસ.

સુદ ૧ ના દીવસે—વાદળા અથવા વીજળી થાય તો સર્વ ધાન્યની નીપજ સારી થાય.

શુદ ૧ ને ભરણી નક્ષેત્ર હોય તો—નીપજ સારી આવે, ખડ ઘણાં થાય.

સુદ ૩ ગુરૂવારીને—રોહણી નક્ષેત્ર સહીત હોય તો સર્વ ધાન્યની નીપજ સારી વરસ શ્રીકાર જાણવું. મૃગસર નક્ષેત્ર હોય તો દુકાળને કૃતીકા નક્ષેત્ર હોય તો વરસ કરવરૂ થાય.

સુદ ૪ ગણેસ ચોથ ગુરૂવારી હોય તો—રૂઊનો વહેપાર આકરી સરતનો કરવો.

સુદ ૫ ને રવીવાર હોય તો—જેઠ માસમાં ઘણો વરસાદ થાય.

સુદ ૬ ને શુક્રવાર પૂર્ણ હોય તો—માસ ૧૧ માં રૂઊનો ભાવ અડધો થઇ જાય.

સુદ ૧૦ રવીવારી હોય તો ધોળી વસ્તુનો સંગ્રહ કરવો, રૂઊ, કપાસીઆ, ઘી, ને સાકરનું તેજી થાય.

સુદ ૧૦ ના દીવસે, સુર્યાસ્ત સમયે—ઈંદ્ર ધનુષ્ય દેખાય તો, જેઠ અને અસાડ માસમાં વરસાદ થાય નહીં, ને શ્રાવણ ભાદરવામાં ઘણો વરસાદ થાય.

સુદ ૧૩ ગુરૂવારી હોય ને નાર્મળ હોય તો—જેઠ માસમાં ખરેખર વરશાદ થાય.

સુદ ૧૫ સનીવારી હોય તો—પશુઓનો નાસ થાય.

સુદ ૧૫ ના રોજ—ચઇતરી પુનમે જણાવેલ ચીન્હ હોય તો કપાસને અડધનો સંગ્રહ કરવો—ઘણી રાખવાથી ચોથે માસે લાભ થાય ગુગળી હોયતો-કપાસનો સંગ્રહ કરવો ત્રણ માસ પછી લાભ થાય.

સુદ ૧૫ ના પહેલા પહોરે વાદળા થાય તો—અસાડ માસ આકરો જાણવો બીજા પહોરે વાદળા થાય તો શ્રાવણ માસ, ત્રીજા પહોરે વાદળા થાય તો ભાદરવો માસ. તે ચોથા પહોરે વાદળા થાય તો આસો માસ. આકરો જાણવો. પહેલા અને બીજા પહોરે વાદળા થાય તો રૂઈ; કપાસ, કાલાનો મોડો મોડો પણ ભાવ વધે.

વદ ૫ સોમવારી હોય ને વાદળા વાળી હોય તો રાજ્ય નો છત્ર ભંગ થાય.

જેઠ માસ.

સુદ ૧ ને મૃગસર નક્ષેત્ર હોય તો—વરસાદ ઘણો થાય ને વરસ શ્રીકાર.

સુદ ૧ ને શનીવાર હોય તો—વરસાદ થોડો થાય. ઢોર અને રાજાઓ મરે.

સુદ ૧ ને બુધવાર ને અસાડ સુદ ૧ ને મૂળ નક્ષેત્ર હોય તો વા, ઘણો થાય.

સુદ ૧ રવીવારી વાયુ બહુ વાય—મંગળવારી વ્યાધી કરે. બુ-વારી અનાજ મોંઘુ કરે. ગુરૂવારી હોય તો અનાજ ભરો, શુક્રવારી અનાજ ઘણું નીપજે, શનીવારી હોય તો વરસાદ કમતી, ને વ્યાધી જણાય.

સુદ ૨ ના રોજ ગાજવીજ ન હોય તો વરસ ઘણું સારૂ થાય. કદાપી વીજળી થાય ને ગાજે નહી તો પણ વરસ ઘણું સારૂ થાય.

સુદ ૩ ના રોજ આદ્રા નક્ષેત્ર હોય—ને વરસાદ થાય તો વ-રસ દુર્ભીક્ષ થાય.

સુદ ૫ ના રોજ શનીવાર હોય તો—રૂઇનો ભાવ એક માસ મંદા રહે.

સુદ ૧૦ ને રવીવાર હોય તો—વરસાદ ન થાય. જન ઘણા મરે. દુકાળ પડે.

સુદ ૧૫ ને શનીવાર આવે તો—રૂઇનો વહેપાર માસ એક સુધી, મંદીનો કરવો.

સુદ ૧૫ મેં સૂર્ય ચંદ્રની નજર એક થાય તો—કાળ ઉભો થયો જાણવો.

સુદી ૧૫ ને જેષ્ટા નક્ષેત્ર હોય તો–તાપ ઘણો પડે.

સુદ ૧૫ ને મુળ નક્ષેત્ર ન હોય તો–અને આદ્રામાં મે ન થાય તો વરસ કરવરૂ થાય.

સુદ ૧૫ ના રોજ :રવી, સોમ, ગુરૂ, કે શુક્રવાર હોય તો વરસ સારૂ આવે, મંગળવાર હોય તો અગ્નિનો ભય જણાય. બુધવાય હોય તો વરસ કરવરૂ. શનીવાર હોય તો વરસાદની તાણને અનાજ મોંઘુ કરે.

સુદ ૧૫ નીરમળી હોય તો—ભલી, પણ જળ કુડાળું હોય તો ધાનનો સંગ્રહ કરવાથી સાતમે માસે લાભ થાય.

વદ ૩ થી શ્રાવણ પંચકના છાંટા થાય તો—વરસ ઘણું શ્રીકાર થાય.

વદ ૧૦ શનીવારી હોય તો– પાણીની ઘણી તંગાસ પડે.

વદ ૦)) ના દીવસે; સૂર્ય જ્યાં—આથમે ત્યાં અસાડ સુદ બીજનો ચંદ્રમાં ઉગે તો અથવા સૂર્યથી ઉતર ભાગે આથમે તો સુભકારી.

અસાડ માસ.

અસાડ માસનો પહેલો મગળવારના રોજ સૂર્ય ઉગ્યા પછી—બે કલાક સુધી. વાદળામાં રહે તો વરસ સારૂ થાયને બે પહોર સુધી

રહેતો ચોમાસાના ચારે માસ વરસાદ થોડો થાય ને નીપજ પણ થોડી થાય.

અસાડ માસમાં ચીત્રા, સ્વાતી, વીશાખા—એ ત્રણેમાંથી એક નક્ષેત્રમાં વરસાદ થાય તો વરસ દુર્ભીક્ષ થાય.

સુદ ૧ ને પુર્નવસુ નક્ષેત્ર જેટલો ભાગ હોય—તેટલો ચોમામાં વરસાદ થાય.

સુદ ૨ ને સુદ ૯ ના રોજ—સોમ—બુધ—ગુરૂ—કે સુકરવાર હોય તો વરસાદ ઘણો થાય. મંગળવાર હોય તો અનાવૃષ્ટી થાય. શનીવાર હોય તો રોગનો ઉપદ્રવ થાય.

સુદ ૭ ને શ્રાવણ સુદ ૭ મે સ્વાતિ નક્ષેત્ર આવે તો—વરસ શ્રીકાર.

સુદ ૯ ના રોજ ગાજે તો—વરસનું પરિણામ ખરાબ જાણવું. પણ જો સુર્ય નીરમળો ઉગેને વાદળા થાય તો ચોમાસાના ચાર માસ વરસાદ સારો થાય.

સુદ ૧૧ ને સની—રવી—કે મંગળવાર હોય તો—અનાજ મોંઘું. માણસને પીડાકારી થાય.

સુદ ૧૪ જેટલી—ઘડીની—હોય—તેથી બમણા શેરના દાણા વેચાય ને વીસ ઘડીની અંદર હોય તો અનાજ મોંઘુ થાય.

સુદ ૧૫ ના વાદળા ભલા, ને ગાજવીજ હોય તો—સર્વ ધાન્ય વેચવું, નીરમળી હોય તો ધાન્યનો સંગ્રહ કરવો—પાંચમે માસ લાભ થાય. પુર્વાષાઢા નક્ષેત્ર તે દહાડે હોય તો ચારમાસ સુગાળ—ક્હાબ્રિ મુળ નક્ષેત્ર હોય તો ચાર માસ દુકાળ. વાદળા રાતે તથા દીવસે હોય તો શુગાળ—પુર્વનો વાયુ હોય તો વરસાદ ઘણો, અન્ન સઘળા નીપજે.

સુદ ૧૫ ગુમડી સારી—પણ જો તે રોજ ચંદ્ર નીર્મળો હોય તો ધાન્યનો સંગ્રહ કરવો. કારણ કે ધાન્ય મોંઘું થાય.

સુદ ૧૫ ના રોજ ગાજવીજ કે વરસાદ હોય તો—વરસ સારૂ થાય.

સુદ ૧૫ ના રોજ મુળ કે પુર્વાષાઢા નક્ષત્ર હોય તો—વરસ દુર્ભીક્ષ- પણ ઉત્તરાષાઢા નક્ષત્ર હોય તો વરસ સારૂં જાણવું.

સુદ ૧૫ ના રોજ વીજળી થાય તો અનાજ ઘણું મોંઘુ નીપજે.

સુદ ૧૫ ના રોજ મૂળ નક્ષત્ર ઘડી—૫૦ અથવા તે ઉપરાંત હોય તો દુર્ભીક્ષ, પુર્વાષાઢા ઉપર પ્રમાણે હોય તો આઠ આની વરસ થાય.

સુદ ૧૫ સોમવારી હોય તો—તે માંસમાં વરસાદ થાય નહી.

સુદ ૧૫ ની રાત્રે ચંદ્ર ન દેખાય તો—ચાર માસ સુધી વૃષ્ટી ન થાય.

સુદ ૧૫ વધે તો—માસ ૧ સોંઘુ થાય, ને પછી મોંઘુ થાય.

સુદ ૧૫ ના રોજ ગાજવીજ કે વરસાદ હોયતો—વરસસારૂં થાય,

શુદ ૧૫ ના પવનનો વિચાર.

પુર્વ દીશાનો પવન હોય તો—સારૂ—વરસાદ ઘણો થાય. પણ ગુજરાતમાં વરસ કરવરૂ થાય. ઈશાન ખુણાનો પવન હોય તો ઠામ ઠામ સુગાળ થાય.

ઉત્તર દીશાનો પવન હોય તો—વરસાદ ઘણો થાય. જેથી સુગાળ વરતાય.

વાવ્ય ખુણાનો પવન હોય તો—વરસાદ ઘણો થાય ને વરસ સારી રીતે નીપજે.

પશ્ચિમનો પવન હોય તો—વરસ નઠારૂ નીપજે. ધાન નીપજે.

નૈરૂત્ય ખુણાનો પવન હોય તો વાવેલું સુકાઇ જાય ને વરસ નઠારૂ થાય. કુવા—તળાવ—સુકાય ધાન્યનો સંગ્રહ કરવો.

દક્ષીણ દીશાનો પવન હોય તો—ઉંદરની દાઢ થાય ને વાવેલું સુકાઇ જાય—એકંદર—વરસ નઠારૂં થાય.

અગ્ની ખુણાનો પવન હોય તો-તીડની ખા થાય ને વરસ કરવરૂ થાય.

આઠ દીશાનો પવન હોય તો— છત્ર ભંગ થાય. માણસોમાં તાવની વ્યાધી જણાય—વરસાદની તાણ થાય, પણ જો તે દીવસે પવન જરાએ ન હોય તો શ્રાવણ—ભાદરવા માસમાં ઘણોવરસાદ થાય.

સુદ ૧૫ ઘડી ૬૦ હોય તો—૧૨ માસ સુગાળ ૩૦ ઘડી હોય તો છ માસ સુગાળ, સર્વ ધાન્ય નીપજે. પણ પછી મોઘું થાય. ૧૫ ઘડી હોય તો હાહાકાર થાય.

સુદ ૧૫ ના પહોરે વાદળા હોય તો—માસ, એક સુગાળ. ધાનં થોડા નીપજે બે પહોર વાદળા હોય તો માસ બે સુગાળ-ત્રણ પહોર વાદળા હોય તો ત્રણ માસ સુગાળ. ચાર પહોર વાદળા હોય તો ચાર સુગાળ થાય.

સુદ ૧૫ ને પુર્વાષાઢા નક્ષેત્ર હોય તો ઘડી. ૧૫. સુગાળ. ને રાત્રે. ઉત્તરાષાઢા નક્ષેત્ર હોય તો દુર્ભીક્ષ. પડે. લોકને પીડા ઉપજે. મરકી થાય. સાત ધાતુ સોંઘી થાય.

સુદ ૧૫ ડોળમાં ઉગે અથવા વાયરો—ઉત્તરનો કે પશ્ચિમનો હોય ને વીજળીને વરસાદ હોય તો ધાન વેચી નાંખવું. ને જો અગ્ની દખ્ખણનો વાયરો વીજળી હોય તો. ને છાંટા હોય તો ધાનનો સંગ્રહ કરવો. માસ, બે પછી લાભ થાય.

વદ ૨ સોમવારીને વીજળી વાળી હોય તો—કઠોળનો નાશ કરનારી જાણવી.

વદ ૮ શનીવારી હોય તો--સુગાળ થાય.

વદ ૮ ના રોજ ચંદ્રમાં વાદળામાં ઉગે તો—સારો જાણવો. નીરમળો ઉગે તો તેમજ રાતો સરખો જણાય તો. સર્વ વસ્તુનો સંગ્રહ કરવો. સુર્ય આથમતાં છાંટા થાય તો વરસ સારૂ થાય.

વદ ૧૦ ને રોહણી નક્ષેત્ર હોય તો—વરસાદ ઘણો થાય. ને અનાજ ઘણું નીપજે. સુકાળ થાય.

વદ ૧૧ ને રોહણી નક્ષેત્ર હોય તો—ધાન સોંઘું કરે. વરસાદ સાધારણ નીપજે. મધ્યમ વરસાદ થાય.

વદ ૧૨ ને રોહણી નક્ષેત્ર હોય તો—જબરો દુકાળ પડે.

વદ ૧૩ ને રોહણી નક્ષેત્ર હોય તો ઊજડ થાય.

વદ ૧૪ ને રોહણી નક્ષેત્ર હોય તો—ઘરબાર જાય.

શ્રાવણ માસ.

સુદ ૧ ને બુધવાર આવે તો—અફીણમાં ૧૦૦) ટકાની વધાઘટીને ચાંદીમાં મંદી થાય.

સુદ ૪ ના રોજ વરસાદ થાય તો—પછી વરસાદ થાય નહી.

સુદ ૭ ને સ્વાતી નક્ષેત્ર હોય તો—વરસાદ ઘણો અનાજ ઘણું થાય. વરસ શ્રીકાર થાય.

સુદ ૭ ને દીવસે સૂર્ય અસ્ત પામ્યા છતાં—વરસાદ વરસે નહી તો વરસાદ થાય નહી.

સુદ ૬—૭—૮ એ ત્રણ દીવસમાં. ચીત્રા. સ્વાતિ વીસાખા. નક્ષેત્રમાં વરસાદ થાય તો આગળ વરસાદ થાય નહી.

સુદ ૭ મે વરસાદ થાય તો—ધાન સોંઘુ થાય.

સુદ ૮ મે કે. વદ ૮ મે વરસાદ થાય તો-ઘઊંની નીપજને નુકસાનથાય

સુદ ૧૦ ના રોજ રોહણી નક્ષેત્ર હોય તો—વરસાદ થોડો. અનાજ મોઘુને રોગ થાય.

સુદ ૧૫ ને શ્રવણ નક્ષેત્ર હોતે--છતે પાણી પડે તો સુકાળ જાણવો.

સુદ ૧૫ ના વાદળા ભલા—નીરમળા સારી નહીં ને. ઘી, તેલનો સંગ્રહ કરવો તો ત્રીજે માસે લાભ થાય. ચંદ્રમાં ડોળમાં ઊગે તો વરસાદની તાણને વરસ કરવરૂં થાય.

વદ ૧૧ ને કૃતીકા નક્ષેત્ર હોય તો—વરસ કરવરૂ થાય. મૃગસર નક્ષેત્ર હોય તો દુર્ભીક્ષ.

વદ ૧૧ ના રોજ દનીયુ નક્ષેત્ર રોહણીની ઘડી. તીથી કરતાં જેટલી વધારે હોય. તેટલો વધારે વરસાદ સારૂ થાય.

વદ ૧૧ ના રોજ ગાજે તો દુર્ભીક્ષ થાય—પણ તે દીવસે સુર્ય વાદળામાં ઊગે તો વરસાદ સારો થાય ને વરસ પણ સારૂં નીપજે.

ભાદરવો માસ.

સુદમાં રવીવારને મુળ નક્ષેત્ર હોય તો—વરસ સારૂ નહી.

સુદ ૨ ના રોજ વરસાદ થાય—ઉતર દીસામાં ગાજે તો સર્વ ધાન્યનો સંગ્રહ કરવો માસ આઠની અંદર લાભ થાય.

સુદ ૩ શનીવાર હોય ને—આકાશ વાદળા વીનાનું હોય તો શીયાળુ ધાન્યનો પાક ન થાય.

સુદ ૫ ને સ્વાતી નક્ષેત્ર હોય તો—મંગળકારી થાય.

સુદ ૭ ને સોમવાર હોય ને સુર્યાસ્ત સમયે આકાશ વાદળાવાળું ન હોય તો—તે માસમાં વરસાદ થાય નહીં ને રોગો થાય.

સુદ ૮ ના દીવસે પ્રભાતે પશ્ચિમ દીશામાં ઈંદ્રિ ધનુષ્ય દેખાય તો રાત્રે વરસાદ થાય.

સુદ ૯ ને રવીવાર હોય ને વાવ્ય દીશામાં મહાન વાયુ હોય તો વરસાદ થાય નહી.

સુદ ૧૧ મંગળવારીને વાયુ વાળી હોય તો વરસાદ થાય.

સુદ ૧૫ મે ચંદ્ર વાદળામાં—અગર ડોળમાં ઊગે તો સારૂં પણ નિર્મળો ચંદ્ર હોય તો વરસાદની તાણ વરસ કરવરૂ, ધાન્યનો સંગ્રહ કરવો માસ ત્રણુની અંદર લાભ થાય.

વદ ૬ મંગળવારી ને—વાદળાઓ વાળી અને ગાજરવ હોય તો સર્વ પ્રકારના ધાન્ય થાય.

વદ ૬ ને અનુરાધા—નક્ષેત્ર હોય તોં વરશાદ શારો થાય.

વદ ૭ ની રોહણી દનીયુ—નક્ષેત્ર શનીવારૂ હોય. અને શુક્ર, ગુરૂ, એ બે એક સસીએ હોય તો ગોધમ, ને જવ મોઘા થાય

નક્ષેત્ર વાર તીથી અહ એ સરવે હોય તો હળદર, રૂ, પારો, સુતર કસ્તુરી, તેલ, તલ, ગોળ, તથા હીંગ મોંઘી થાય.

વદ ૦)) રવીવારી હોય—તે તે દીવસે સુર્ય ઊગતાં પશ્ચિમમાં ધનુષ્ય દેખાય તો પૃથ્વીમાં હાહાકાર થાય.

વદ ૦)) ની રાત્રીએ દક્ષીણ દીશામાં વીજળી થાય તો ધાન્ય બહુ મોંઘુ થાય.

આસો માસ.

સુદ ૧ ના દીવસ ગર્જના થાય તો—કારતક માસમાં મરકીનો ઊપદ્રવ થાય.

સુદ ૩ ને સોમવારે વાદળા થાય તો—લોકોને તાવ તથા ઉપદ્રવ આપનારી થાય.

સુદ ૧૫ ના રોજ વરસાદ થાય તો—દીવસ ૧૮ માં રૂઊમાં ટકા ૩૦) ઘટે.

સુદ ૧૫ ના ચંદ્રમાની થડમાં એક ચાંદરણું હોય તો-રૂઊના ભાવ વધે.

સુદ ૧૫ નીરમળી ભલી જો ચંદ્રને વાદળી છાયા હોય તો - અથવા વાદળામાં ચંદ્ર આથમેં તો—ધાનનો સંગ્રહ કરવો. બીજે માસ લાભ થાય.

વદ ૧૩–૧૪–૦)) ને કારતક સુદ ૧ ના વાદળા થાય તો આવતું વરસ શ્રીકાર ને રૂઊનું ચાર માસ સુધી મંદુ રહે. વદ ૧૩ ના વાદળા થાય તો કારતક મંદો વદ ૧૪ ના વાદળા થાય તો માગશર મંદો. વદ ૦)) ના વાદળા થાય તો પોસ મંદો. અને કારતક સુદ ૧ ના વાદળા થાય તો ફાગણ માસ મંદો થાય.

વદ ૦)) મંગળવારી હોય તો—શુભકારી નથી.

વદ ૦)) શુક્રવારી ધાન્ય મંદા રહે—સંગ્રહવાથી આગળ લાભ થાય.

વદ ૦)) ને શનીવાર આવે તો સમય આકરો આવશે.

નવું વરસ કેવું નીવડશે ! તે જાણવા માટે.

ખાસ વાંચો ?

સંવત. ૧૯૬૯નો "વરતારો."

તા. ૧૨-૯-૧૨ ના રોજ બહાર પડશે.

રૂ, સુતર, કપાસ, અફીણ, ચાંદી, અનાજ કઠોળ, ઘી, તેલ, ગોળ, ખાંડ, વિગેરે અનેક ચીજોના ભાવો ક્યારે અને ક્યાં સુધીમાં કેટલા તેજી, યા મંદી થશે. તે તારીખ વાર સપસ્ટ જણાવેલ છે. કી. બે આના (ટીકીટો બીડવી.)

સુચના—કેટલાક ભવિષ્ય ફળો ઉપર આખુ સંવત હોવા છતાં ફાગણ વદ ૦)) સુધીના હોય છે પણ આ "વરતારો" આસો વદ ૦)) સુધીનો વીસ્તાર પુર્વક બહાર પડે છે.

બી. એસ. શાહ

વઢવાણ સીટી.